# બંધ અને અનિયમિત બસોને પગલે વિજયનગરમાં વહેપારીઓ અને સ્થાનિકો દ્વારા રસ્તા રોકો આંદોલન

વિજયનગર, તા.૨૦

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકામાં મોટાભાગની બસો અનિયમિત હોવા અને બસો બંધ કરવાને લઈને સ્થાનિકો અને વહેપારીઓએ વિજયનગર સ્ટેટ હાઈવે થઈને ખોખરા બોર્ડર તરફ જતો ટીંટારણ રોડને શુક્રવારે રોકી દઈને બંધ કરી દઈ વિરોધ દર્શાવ્યો હતો.

વિજયનગર તાલુકાના લોકો એસટી બસની અસુવિધાઓને લઈને પરેશાન થઈ ચુક્યા છે. મોટા ભાગની બસોના રૂટ છેલ્લા કેટલાંક સમયથી બંધ કરી દેવાયા છે અને જે હાલ બસોના રૂટ ચાલુ છે તે રૂટની બસો મોટાભાગે અનિયમિત અને આવે કે ના આવે તેવી સ્થિતિ હોવાને લઈને સ્થાનિક લોકો અને વહેપારીઓ પરેશાન બની ચુક્યા હતા જેને લઈને એક સપ્તાહથી પત્રિકાઓ છાપીને બસોને નિયમીત કરવા અને બંધ રૂટો ને ફરીથી શરુ કરવા માટેની માંગ કરી હતી અને ટીંટારણ માર્ગને સ્વંયભુ બંધ કરવા એલાન અપાયુ હતુ. જેને લઈને વિજયનગર સ્ટેટ હાઈવેથી ખોખરા બોર્ડર જતો ટીંટારણ માર્ગને શુક્રવારે સવારે સ્થાનિક વહેપારીઓ અને લોકોએ સ્વંયભુ બંધ કરી દેવાયો હતો અને બાદમાં સ્થાનિક ધારાસભ્ય અશ્વિન કોટવાલએ દરમ્યાનગીરી કરતા એસટી બસના અધિકારીઓએ રૂબરૂ આવીને સમસ્યનો ઉકેલ પંદર દીવસમાં લાવવાનુ આશ્વાસન અપાતા ચાર કલાક બાદ પુનઃ રસ્તો શરૂ કરાયો હતો. આ અંગે ખેડબ્રહ્મા-વિજયનગરના ધારાસભ્ય-અશ્વિન કોટવાલે જણાવ્યું હતું કે આ વિસ્તારના લોકો બસની અનિયમિતતાથી પરેશાન છે જેને લઈને સ્થાનિક વેપારીઓ અને લોકોએ રસ્તો બંધ રાખી વિરોધ દર્શાવ્યો હતો પરંતુ બસ વિભાગના પ્રતિનિધિ આવ્યા હતા જેમની સાથે વાતચીત કરી હતી બંધ બે બસો ચાલુ કરી હતી અને અનિયમિત બસોને નિયમિત કરવાની ખાત્રી આપી હતી.આ અંગે ભિલોડા એસટી ડેપોના મેનેજર કનુભાઈ બલેવાએ જણાવેલ કે રજુઆત ને લઈને અમે હાલ તો બે બસો બંધ જે હતી એ શરૂ કરવાનો નિર્ણય આજે લીધો છે અને અનિયમિતતા અને અન્ય બંધ બસોના અંગે પણ ઉકેલ લાવવા માટે ખાત્રી આપી છે જેને લઈને સ્થાનિકો અને વહેપારીઓએ માન્યા હતા અને બસો પુનઃચાલુ કરી છે.



# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં વાદળછાયા વાતાવરણ અને ઠંડા પવનોની શીત લહેરોથી જનજીવન પ્રભાવિત

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં અને ઉત્તર ગુજરાતમાં પાછલા ત્રણ દિવસથી વાદળછાયુ વાતાવરણ અને શીત લહેરી પવનોથી બંને જિલ્લામાં લોકો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. વાદળછાયા વાતાવરણથી ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. બંને જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ હજુ વધુ બે ધંધાર્થીઓને, ગૃહિણીઓને તીવ્ર ઠંડીના કારણે હાલાકીનો સામનો કરવો પડયો હતો. મનુષ્યો સહિત મુંગા અબોલ પશુ પક્ષીઓની પણ ઠંડીએ કફોડી સ્થિતિ સર્જી હતી.

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં શીત લહેરી પવનોથી હાડ થીજવતી ઠંડીથી



દિવસ અને તાપમાનમાં એકાદ ડિગ્રી વધારો થવાની સંભાવના હવામાન વિભાગના સુત્રો પાસેથી જાણવા મળી રહી છે. ૪.૫ પ્રતિ કલાક કિમીની તીવ્ર ઝડપે ફુંકાતી શીત લહેરોને લઈને મધ્યરાત્રિથી પરોઢ સુધી ઠંડીની અસહ્ય અનુભુતિ વર્તાય છે.

શીતળ ઋતુ શિયાળાએ ગત સપ્તાહમાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા હાડ થીજવતી ઠંડીએ બંને જિલ્લામાં રહીશોને ત્રસ્ત કર્યા હતા. જેને લઈને વહેલી સવારે અપડાઉન કરતા વિદ્યાર્થીઓ, નોકરીયાત તેમજ રક્ષણ મેળવવા ભૂલકાંઓ સહિત પ્રજાજનો તાપણાનો સહારો લઈ રહ્યા છે. દિવસભર લોકો તાપણાના સહારે તેમજ વહેલી સવારે શાળાએ અભ્યાસ અર્થે જતા બાળકો તાપણાથી ગરમી મેળવી ઠંડી ઉડાડવાનો પ્રયત્ન કરતા ઠેર ઠેર નજરે પડી રહ્યા છે. વાદળછાયા વાતાવરણથી બંને જિલ્લાના ભૂમિપુત્રોમાં તેમના વાવેતર કરેલા ધાન્ય સહિત તેલીબીયા અને રોકડીયા પાકોમાં જીવાત પડવાની અસર જણાતા ચિંતાતુર બન્યા છે.

# ફિક્સ પગારના કર્મચારીઓ માટેની જાહેરાતને લોલીપોપ ગણાવી

## ભાજપ સરકાર કર્મચારીઓને પોષણના નામે શોષણ કરે છે : શંકરસિહ વાઘેલા

બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકાના પિલુચા ગામે એક ખાનગી હોટલના ઉદઘાટનમાં આવેલા વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિહ વાઘેલાએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. ભલે ખાનગી કાર્યક્રમ હોય પણ બાપુએ સભામાં ભાજપ સરકાર પર તીખા વાક પ્રહાર કરવામાં કશું બાકી ન રાખ્યું હતું. આગામી વિધાનસભાની ચુંટણી જયારે નજીક આવી રહી છે ત્યારે ખાનગી કાર્યક્રમમાં પણ રાજકીય પ્રચારનો લાભ લેવામાં અવ્વલ નંબર રહેતા વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિહ વાઘેલાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ભાજપ સરકારે તાજેતરમાં કરેલી ફિક્સ પગારના કર્મચારીઓ માટેની જાહેરાતને લોલીપોપ ગણાવી હતી વધુમાં તેમને કહ્યું હતું કે કર્મચારીઓના પોષણના નામે શોષણ કરતી ભાજપ સરકારની આ માત્ર ચુંટણીલક્ષી જાહેરાત છે.

# ધનસુરા નજીક અંતિસરા પાસે સર્જાયેલા અકસ્માતમાં છ મુસાફરો ઘાયલ

મોડાસા, તા.૨૦

અરવલ્લી જિલ્લામાં ધનસુરા નજીક અંતિસરા પાસે એસ.ટી. બસ અને કાર વચ્ચે સર્જાયેલા એક અકસ્માતમાં છ થી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. બનાવની જાણ ૧૦૮ ઈમરજન્સીને કરાતા આ તમામ ઘાયલોને ૧૦૮ દ્વારા મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા.

ધનસુરા પાસેના અંતિસરા નજીકથી પસાર થઈ રહેલી દાહોદ-પ્રાંતિજ એસ.ટી. બસ અને કાર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેમાં બસના આગળના ભાગ નીચે કાર આવી જતાં કારનો ફૂરચો બોલાઈ ગયો હતો. સર્જાયેલા આ અકસ્માતમાં કાર અને બસમાં મુસાફરી કરી રહેલ છ જેટલી વ્યકિતઓને શરીરે ઓછા વત્તી ઈજાઓ થવા પામી હતી.

અકસ્માતને પગલે ઉતારુઓ અને આસપાસના સ્થાનિકો દ્વારા બનાવની જાણ ૧૦૮ ઈમરજન્સી સેવાને કરાતા ૧૦૮નો સ્ટાફ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને તમામ ઈજાગ્રસ્તોને મોડાસાની બે જુદી જુદી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.





## બનાસકાંઠા જીલ્લામાં તીવ્ર ઠંડીથી રવિ પાકમાં નુકશાન થવાની ભીતિથી ખેડૂત આલમમાં ચિંતાનું મોજુ

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પગલે આજે એકાએક બનાસકાંઠાના વાતાવરણમાં ભારે પલટો સર્જાયો છે સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીનો પણ તીવ્ર ચમકારો સર્જાયો છે. આજે જિલ્લા મથક પાલનપુરમાં દિવસભર વાદળછાયું વાતવરણ રહ્યું હતું. શહેરી વિસ્તારમાં ઘેરાયેલા વાદળોના મોસમ સાથે ઠંડીથી બચવા માટે શહેરીજનો ગરમ વસ્ત્રો પરિધાન કર્યા હતા. જો કે આ વાતાવરણમાં કમોસમી વરસાદ થાય તો હાલમાં રવિ પાકને ભારે નુકશાન થવાની પૂર્ણ સંભાવના રહેલી છે ત્યારે હાલમાં બનાસકાંઠાના ખેડૂતોમાં વાતાવરણને પગલે ખેડૂત વર્ગમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. જો કે હવામાન વિભાગ દ્વારા હાલમાં કમોસમી વરસાદની સંભાવનાને નકારાઈ છે. જો કે હાલમાં વાદળછાયું વાતાવરણ લીધે ખેડૂત આલમમાં ચિતા મોજુ ફરી વળ્યું છે.

# તલોદ માણેકલાલ શેઠની પોળમાં સામાન્ય બાબતે તકરાર થતા પોલીસ ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે શ્રી અંબાજી માતાજીના મંદિર પાસે આવેલ પોલીસચોકીથી ગણતરીના અંતરે જ આવેલ ભરચક રહેણાંક વસતી ધરાવતી માણેકલાલ શેઠની પોળમાં છેલ્લા બે દિવસથી ચાલતી તકરારમાં એક પરિવારના ૩ ઈસમોએ મળી એક મહિલા સહિત ૪ વ્યક્તિઓને માર મારી ઘાયલ કર્યાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યા સંદર્ભની એક પોલીસ ફરિયાદ આજે પોલીસ દફતરે નોંધાવા પામેલ છે. પૈસાની લેતી-દેતી બાબતમાં થયેલી આ તકરારે આજે આખી પોળને માથે લીધી હોય તેવી સ્થિતિ પેદા કરી હતી.

માણેકલાલ શેઠની પોળ તલોદ ખાતે રહેતા હસમુખ ભીમજી ઠાકોરે નોંધાવેલ ફરિયાદ અન્વયેના આરોપની વિગત એવી છે કે ઝાલાએ કનુભાઈ ઠાકોર પાસે અગાઉ ઉછીના આપેલ પૈસા બાબતે ઉઘરાણી કરી હતી.જેનું સ્વરૂપ ઉગ્ર થઈ જતાં ગાળાગાળી કરીને ઉશ્કેરાઈ ગયેલ રાકેશ કનુભાઈને ગડદાપાટુનો માર માર્યો હતો તેમજ બસંતીબહેન મુકેશભાઈ ઠાકોરને ડાબા હાથ ઉપર તોલમાપનો લોખંડનો બાટ મારી ઈજાઓ કરી હતી. ત્યારે રાકેશનો ભાઈ મહાવીર જશવંતસિંહ ઝાલા અને પિતા જશવંતસિંહ બાપુસિંહ ઝાલાએ પણ તકરારમાં સામેલ થઈ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ તકરારમાં આરોપીઓએ ભીમજીભાઈ અને જયેશભાઈ નામના વ્યક્તિઓને પણ ગડદાપાટુનો મૂઢ માર મારી એકબીજાની મદદગારી થકી ગુનો આચર્યો હતો. કલમ ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ અન્વયેના નોંધાયેલા ગુનાની તપાસ ટાઉન જમાદાર હે. કોન્સ. માનસિંહ ઝાલા ચલાવી રહ્યા છે.



## નેત્રામલી ગ્રૂપ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ સર્વાનુમતે બિનહરીફ

નેત્રામલી ગ્રૂપ ગ્રામ પંચાયત ડે.સરપંચ ડેપ્યુટી સરપંચ પદે નરેન્દ્રસિંહ તેજસિંહ કુંપાવતની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. નેત્રામલી ગ્રૂપ ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચની નિમણુંક સંદર્ભે ચુંટણી અધિકારી, નાયબ મામલતદાર જી.બી.પરમાર, જાદર, નેત્રામલી ગ્રૂપ ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી એન.બી.પટેલ, વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતીમાં નેત્રામલી ગ્રૂપ ગ્રામ પંચાયત ડે.સરપંચ પદે નરેન્દ્રસિંહ તેજસિંહ કુંપાવતની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી. નેત્રામલી ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ પદમાબેન નિલેશકુમાર પટેલ, ગ્રામ પંચાયત સભ્યો, ટેકેદારો, નેત્રામલી ગ્રામજનોએ શુભકામનાઓ પાઠવી હતી.

# પ્રજાસત્તાક દિને જિલ્લા કક્ષાની ઉજવણી વિસનગર ખાતે કરાશે

મહેસાણા, તા.૨૦

મહેસાણા જિલ્લામાં ૬૮મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી વિસનગર એમ.એન.કોલેજ ખાતે કરાશે. જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય પર્વના સમારોહમાં પાણી પુરવઠા, પશુપાલન અને ગૌસંવર્ધન, મત્સ્ય ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન અને મીઠા ઉદ્યોગ મંત્રી બાબુભાઈ બોખીરીયા ધ્વજવંદન કરાવનાર છે.

મહેસાણા જિલ્લામાં વિવિધ તાલુકા સ્તરે પણ પ્રજાસત્તાક પર્વની ઉજવણી થનાર છે. જેમાં મહેસાણા તાલુકામાં બલોલ, કડીમાં કરણનગર, બેચરાજીમાં ગાંભુ, જોટાણમાં માંકણજ, ઉંઝામાં ઐઠોર, ખેરાલુમાં મંડાલી, સતલાસણમાં મોટા કોઠાસણા, વિજાપુરમાં જેપુર અને વડનગરમાં સુલતાનપુર ગામોમાં ઉજવણી થનાર છે.

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાનવર્ધક પરીક્ષામાં તલોદના વિદ્યાર્થીનો ઉત્કૃષ્ટ દેખાવ

તલોદ, તા. ૨૦

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે શક્તિપીઠ-બાયડ ખાતે લેવાયેલ "ભારતીય સંસ્કૃતિ જ્ઞાન વર્ધક" પરીક્ષામાં તલોદ તાલુકાના મહિયલની શેઠ જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલનો ધો. ૧૦નો વિદ્યાર્થી આકાશ બકુલસિંહ જાદવ (રહે. મુધાસણા) પ્રથમ નંબરે ઉત્તિર્ણ થઈને ગામ, તાલુકા, જિલ્લા અને શાળા તથા સમાજને ગૌરવ પ્રદાન કરવામાં સફળ રહેલ છે.

ઉલ્લેખનીય છે કે, હરિદ્વાર સ્થિત શાંતિકુંજના ઉપક્રમે સમગ્ર ભારતમાં યોજાતી આ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન વર્ધક પરીક્ષામાં કુલ ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈને સંસ્કૃતિનું જતન કરવા જહેમત ઉઠાવી રહ્યા છે. તાલુકા, જિલ્લા અને ત્યાર બાદ રાજ્ય કક્ષાએ તેજસ્વી વિદ્યાર્થીને અનેક કસોટીને અંતે સ્થાન મળતુ હોય છે. જેમાં આકાશ જાદવ ઉત્તિર્ણ થતાં તે શક્તિપીઠ ગાંધીનગર ખાતે આગામી તા. ૨૨-૧-૧૭ રવિવારે યોજાનાર રાજ્યકક્ષાની પરીક્ષા આપનાર છે.

સમગ્ર ગાયત્રી પરિવાર આ પરીક્ષા માટે નાત-જાત કે ધર્મનો ભેદભાવ રાખતો નથી. જેના ઉદાહરણરૂપે તાલુકા કક્ષાએ પ્રથમ આવનાર હરસોલના વ્હોરા પરિવારની દિકરી મદીનાબહેન કાદરભાઈ વ્હોરાનું પણ શક્તિપીઠ-બાયડ ખાતે સન્માન કરીને તેણીને સન્માનવામાં આવી હતી.

# ઊંઝા પોસ્ટ ઓફિસમાં બનાવટી સહીઓ દ્વારા ૫૫ હજારની ઉચાપત

ઊંઝા, તા.૨૦

ઊંઝા ખાતે ઉમિયા માતાજી ચોકમાં આવેલ પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા બે કર્મચારીઓએ પોતાના અધિકારનો દુરપયોગ કરી પોસ્ટ ઓફિસના ખાતેદારોના ખાતામાંથી ઉપાડ ફોર્મ પર ખાતેદારોની બનાવટી સહીઓ કરી અલગ અલગ તેર વખત કુલ રૂપિયા ૫૫,૮૦૦ની રકમ ઉપાડી ઉચાપત કરી રેકર્ડમાં ખોટી સહીઓ કર્યા બાબતે પોલીસ દફતરે ફરિયાદ નોંધાવા પામી છે.

વિસનગર સબ ડિવિઝનના ઈન્સ્પેકટર ઓફ પોસ્ટ ઓફિસીસ નરેન્દ્રકુમાર પંડયાએ ઊંઝા પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદમાં જણાવ્યું છે કે ઊંઝા ખાતે ઉમિયા માતા ચોકમાં ફરજ બજાવતા બે કર્મચારીઓએ તા. ૧૫-૧૦-૨૦૧૪ થી તા. ૨૨-૪-૨૦૧૫ સુધીના સમય દરમિયાન પોતાના અધિકારનો દુરપયોગ કરી ગુનાહિત વિશ્વાસઘાત કરી પોસ્ટ ઓફિસના ખાતેદારોના ખાતાઓમાંથી ઉપાડ ફોર્મમાં ખાતેદારોની બનાવટી સહીઓ કરી હતી. બાદ અલગ અલગ દિવસે તેર વખત કુલ ૫૫૮૦૦ની રકમ ઉપાડી લીધી હતી. આમ પોસ્ટ ઓફિસના જ બે કર્મચારીઓએ ખાતેદારોના ખાતામાંથી બદઈરાદે ખોટી રીતે રકમ ઉપાડી ઉચાપત કરી રેકર્ડમાં ખોટી નોંધો કરી હોવાનું મોડેથી માલુમ પડતા સંબંધિત અધિકારીએ બે કર્મચારીઓ સામે ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે ઊંઝા પોલીસે ઉમિયા માતાજી પોસ્ટ ઓફિસ ઊંઝાના બે કર્મચારીઓ કિરીટ મણીલાલ પટેલ અને રણજીત મનુભાઈ રાણા બંને રહે. ઊંઝા વિરૂધ્ધ ઈપીકો કલમ ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૭૨, ૪૭૭એ તથા ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# સહકારી જીન પાસેથી એલસીબીએ કારમાંથી ૧.૦૮ લાખના વિદેશી દારૂ સાથે બેને ઝડપ્યા

હિંમતનગર, તા.૨૦

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગર શહેરના સહકારી જીન ચાર રસ્તેથી ગુરુવારે રાત્રે એલસીબીએ કારમાંથી ૧૫ પેટીઓ વિદેશી દારૂની રૂ.૧.૦૮ લાખ સાથે અમદાવાદના બે જણા ઝડપાયા હતા.પોલીસે એ-ડીવીઝન પોલીસ સ્ટેશને ત્રણ વિરૂદ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



આ અંગેની વિગત એવી છે કે ઈન્ચાર્જ એલસીબી પીઆઈ-વી.આર.ચાવડાને મળેલ બાતમી આધારે ગુરુવારે મોડી સાંજે સહકારી જીન ચાર રસ્તે એલસીબી પીએસઆઈ-પી.જી. ચાવડા સ્ટાફ સાથે વોચમાં હતા દરમિયાન શામળાજી તરફથી બાતમીવાળી સેરોલેટ ઓપ્ટ્રા કાર આવતા રોકી તેમાં તપાસ કરતા ડેકીમાંથી વિદેશી દારૂની ૧૫ પેટી જેમાં ક્વાટર નંગ ૭૨૦ રૂ-૧.૦૮ લાખના મળી આવ્યા હતા. જેથી પોલીસે સાથેના બે જણા અમદાવાદના ઘોડાસર વિસ્તારની મંગલમ સોસાયટીમાં રહેતા કૃણાલ દીપકભાઈ દલવાડી અને ઓઢવ વિસ્તારના આદિનાથનગરની રાજીવપાર્ક સોસાયટીમાં રહેતા નિખિલ કનૈયાસિંગ બીષ્ટની અટકાયત કરી બે જણા રાજસ્થાનથી વિદેશી દારૂ ભરી લાવી અમદાવાદ વેચવા લઈ જતા હતા જેથી પોલીસે બે મોબાઈલ, કાર અને વિદેશી દારૂ મળી રૂ.૩,૦૯, ૫૦૦નો મુદ્દામાલ કબજે લઈ ફોજી નામનો માણસ સહીત ત્રણ વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશને ફરિયાદ નોધાવી હતી.

# રાષ્ટ્રીય સલાહકાર સમિતિમાં નિમાયા



ભિલોડા,તા.૨૦

ઈન્ટરનેશનલ એન્ટી ટેરેરિઝમ મુવમેન્ટ દિલ્હીથી ગુજરાત પ્રદેશ મહામંત્રી પ્રકાશચંદ્ર વિઠ્ઠલદાસ ઉપાધ્યાય, સાકરીયાવાળાની નિમણુંક ઈન્ટરનેશનલ એન્ટી ટેરેરિઝમ મુવમેન્ટ નેશનલ એડવાઈઝર બોર્ડના મેમ્બર તરીકે આઈ.એ.ટી.એમ. દિલ્હીના ચીફ પેટર્ન, સંસદ સભ્ય, રાષ્ટ્રીય ભાજપાના ઉપ પ્રમુખ શ્યામ જાજુજીની ભલામણથી નેશનલ મહાસચીવ આઈ.એ.ટી.એમ. અમન રાજપુત ખાન દિલ્હી ધ્વારા થયેલ છે.